# બર્ફિલા પવનથી ગાંધીનગર ઠંડુગાર

### છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાન ૧૩ ડીગ્રી ગગડયુ : દિવસ અને રાતના તાપમાન વચ્ચેનો તફાવત નહીંવત : ઠંડા પવનના સુસવાટાથી શેહરીજનો સતત સ્વેટર ટોપી સહીતના ગરમ કપડામાં લપેટાયેલા રહ્યા

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે સતત બીજા દિવસે પણ આકાશી નઝારો બદલાયેલો રહ્યો હતો. દિવસનુ તાપમાન આજે પણ ૪.૫ ડીગ્રી ગગડયુ હતુ. જેના લીધે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૩.૫ ડીગ્રીનો તફાવત જ રહ્યો હતો. દિવસ દરમિયાન બર્ફિલા પવનનુ જોર યથાવત રહેતા ગાંધીનગર ઠંડુગાર બની ગયુ હતુ. નગરજનો દિવસે પણ સ્વેટર ટોપી સહીતના ગરમ કપડામાં લપેટાયેલા રહ્યા હતા. જયારે રાત્રિના સમયે પણ આકરી ઠંડીની અસરથી બચવા માટે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા જેથી શહેરના માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. આજે દિવસ દરમિયાન ઠંડા પવન વચ્ચે વરસાદી છાંટણા થયા હતા.

ગાંધીનગરમાં આજે સતત બીજા દિવસે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પડયા હતા. શહેરમા આજે સવારથી આકાશમાં વરસાદી વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા.



દિવસનુ તાપમાન આજે સતત બીજા દિવસે પણ ૪.૫ ડીગ્રી ગગડયુ હતુ. જેના લીધે મહત્તમ તાપમાન ૧૯.૫ ડીગ્રી પહોંચી જતા નગર ઠંડુગાર બની ગયુ હતુ. દિવસ દરમિયાન બર્ફિલા પવનના લીધે નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. લઘુત્તમ અને મહત્તમ તાપમાન ૩.૫ ડીગ્રીનો જ તફાવત રહ્યો હતો. એકબાજુ ઠંડીનો પારો ૧૬ ડીગ્રીએ રહ્યો હતો દિવસ અને રાત્રિના તાપમાનમાં માત્ર ૨ ડીગ્રીનો તફાવત રહેતા શહેર આકરી ઠંડીની લપેટમાં આવતા નગરજનો દિવસે પણ ગરમ ટોપી અને સ્વેટરમાં લપેટાયેલા નજરે પડે છે. દિવસ દરમિયાન સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે સુસવાટા મારતા પવનના લીધે નગર ઠંડીની ગિરફતમાં આવી ગયુ હતુ. દિવસ દરમિયાન પવનના જોર વચ્ચે ઠંડી આકરી બનતા જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ. શહેરીજનો પણ ઠંડીની અસરથી બચવા માટે કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે તફાવત સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ છે. સવાર અને સાંજે ૮૦ થી ૮૨ ટકા ભેજ રહેતા વરસાદી વાતાવરણ વચ્ચે ઠંડીની અસર વધુ પ્રબળ બની હતી. છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાનમાં ૧૩ ડીગ્રીનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જેના લીધે નગરજનો દિવસે પણ સતત ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે. મહત્તમ તાપમાન ઘટવાની સાથે પવનનુ જોર પણ વધુ રહેતા ઠંડીનુ જોર વધ્યુ છે. આજે પણ દિવસ દરમિયાન વરસાદી છાંટણા વરસ્યા હતા. જયારે દિવસના અંતે ૦.૫ મી મી વરસાદ વરસ્યો હતો. શહેરમાં સતત બે દિવસના ભીંજારાથી નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાનો 'ઓમીક્રોન' વેરિયન્ટ 'ટોક ઓફ ધી ટાઉન' બન્યો..!!

### ભારતમાં એન્ટ્રી સાથે જ નાગરિકોને ચિંતામાં મૂકનારો ઓમીક્રોન કેટલો ઘાતક રહેશે તે અંગે અટકળોનો દૌર : લગ્ન સમારંભ સહિતના અનેક આયોજનો ફરી ખોરંભે ચડવાની ભીતિથી આયોજકો ચિંતાતુર

ગાંધીનગર તા.૨

શું ફરી આવી રહ્યો છે? આ વખતે કેવો હશે? ગઈ વખત જેવું ઘાતક નીવડશે? જે વેક્સિન લીધી છે તે આ નવા સ્વરૂપથી બચાવી શકશે? નવું સ્વરૂપ કેવા પ્રકારની અસર કરે છે? આ પ્રકારની ચર્ચાઓ સાથે શહેરમાં ફરી એકવાર કોરોના ×ટોક ઓફ ધી ટાઉન× બન્યો છે. આ વખતે ચર્ચાનું કેન્દ્ર ×ઓમીક્રોન×નામે ઓળખાતું કોરોના વાયરસનું નવુ સ્વરૂપ છે.

**સમયસર**

છેલ્લા બે વર્ષથી સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ નામની મહામારીએ સમગ્ર જનજીવનને પ્રભાવિત કર્યુ છે. કોરોના લોકડાઉનનો સમય દરેક માટે અનેક પ્રકારની પીડાદાયક યાદોથી ભરેલો છે જેને યાદ કરતા જ શહેરીજનોનું કાળજું કંપી જાય છે. જોકે અસરકારક રસીકરણ બાદ કોરોના મહામારીમાં મળેલી રાહતથી ફરી એક વાર થાળે પડેલાં જનજીવનમાં માંડ ખુશહાલી પરત ફરી રહી હતી ત્યારે છેલ્લા એકાદ સપ્તાહથી વિશ્વના ૨૩ જેટલાં દેશોમાં પ્રસરેલા કોરોના વાઈરસના નવા વેરિયન્ટ ઓમીક્રોનની વાતો ચાલી રહી હતી. આજે બપોરે ત્રણેક વાગે ભારત સરકારે અધિકૃત રીતે ભારતમાં નવા વેરિએન્ટના બે કેસ મળી આવ્યાં હોવાની પૃષ્ટી કરતાં જ શહેરમાં સચિવાલય, સરકારી કાર્યાલયો, શો-રૂમ અને દુકાનોથી માંડીને ચાની કીટલીઓ તથા પાન ગલ્લાં સહિત લગભગ દરેક સ્થળે ઓમીક્રોન વેરિયન્ટ ટોક ઓફ ધી ટાઉન બની જવા પામ્યો છે. એક તરફ વાવાઝોડા અને વરસાદથી ચિંતિત નાગરિકો ફરી વાયરસના હુમલાને સંભવિત શક્યતાને પગલે વ્યાકુળ જણાઈ રહ્યાં છે. નવું વેરિયન્ટ અગાઉની ઘાતક બીજી લહેરના ડેલ્ટા વેરિયન્ટ કરતા પણ પાંચ ગણી વધુ ઝડપે પ્રસરે છે તે જાણીને વિવિધ અટકળો કરી રહ્યાં છે. અગાઉના લોકડાઉનને કારણે વેપાર ધંધા સહિત સમગ્ર અર્થતંત્ર પર પડેલી ગંભીર અસરોને કારણે રોજગારી કે આજીવિકા માટે સંઘર્ષ કરી રહેલો નાના અને મધ્યમ વર્ગનો માનવી માંડમાંડ મહામુસીબતે અને મહામહેનતે પોતાની ગાડી પાટે ચડાવવા મથી રહ્યો છે ત્યારે ફરી એકવાર કોરોના મહામારીનો તોળાતો ગંભીર ખતરો તેની ચિંતામાં મૂકી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## સે. ૨ માં નિવૃત્ત અધિકારીના પત્નીનો કોરોના રિપોર્ટ પણ પોઝીટીવ

### શહેરમાં અત્યાર સુધીમાં ૧૬ કેસ થયા; ૭ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ, ૯ ને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર,તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે વધુ એક કેસ સે. ૨ માં નોંધાયો છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૬ પર પહોંચી છે. કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયુ છે.

શહેરમાં કોરોનાની સેકન્ડ વેવમાં અત્યંત સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરેલા સે. ૨ માંથી જ આજે વધુ એક કેસ મળી આવ્યો છે.

ગઈકાલે આ સેક્ટરમાંથી મળેલા ઉચ્ચ અધિકારીના પત્નીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા છે. તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આજે મળેલ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો જ વિકલ્પ સ્વીકાર્યો છે. આ સાથે શહેરમાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૭ છે. આજે વધુ એક દર્દી કોરોનામુક્ત થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે. કેસો છુટાછવાયા મળ્યા છે પરંતુ બે દિવસથી દર્દીના સંપર્કમાં આવેલા લોકો પણ કોરોનાના દર્દી બની રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

તંત્રએ શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે કડક સૂચનાઓ આપી છે. શહેરમાં સર્વેલન્સ પણ સઘન કરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# મનપાને પ્રથમ દિવસે જ ટોલ ફ્રી નંબર પર ૩૮ ફરિયાદો મળી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફરિયાદો માટે ટોલ ફ્રી નંબરની વ્યવસ્થા ઉભી કરતાં જ ફોનની ઘંટડીઓ રણકી ઉઠી અને પ્રથમ દિવસે જ ૩૮ જેટલી ફરિયાદો નોંધાઈ હતી.

### તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવાનો અભિગમ

ગાંધીનગર શહેરમાં પુરા ફોર્સથી પાણી નહિ મળતુ હોવાની તેમજ પાણી પુરવઠાના સમયમાં વધારો કરવા સહિતની સૌથી વધુ ૯ ફરિયાદો મળી હતી. આ ઉપરાંત ગટર ઉભરાતી હોવાની તેમજ ગટરલાઈનના પ્રશ્નો અંગે ૫ ફરિયાદ મળી હતી.

શહેરમાં સ્ટ્રીટલાઈનટની ૪, રોડને લગતી ૩, રખડતા પશુઓને લઈ ૩, ઈલેક્ટ્રીસીટીને લઈ ૨, સેનીટેશનને લગતી ૭, સાઈન બોર્ડને લગતી ૧, ચૂંટણી વિષયક-૧, રેશનકાર્ડની અને આરોગ્ય સેવાને લગતી ૧-૧ ફરિયાદ મળી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે તંત્રને ૩૫૦ જેટલા ફોન મળ્યા હતા. જેમાં ૩૮ જેટલા ફોન ફરિયાદના હતા. કેટલાક ફોન મનપાના નિર્ણયને વધાવતા અને ઝડપથી પ્રશ્નોનો ઉકેલ લાવવાનું તેમજ મોનીટરીંગ થશે કે નહિ તે જાણવા માટેના ફોન હતા.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લી ઘડીએ ફર્નિચર અને અન્ય સુવિધા માટેનું ટેન્ડર આખરી કરાયુ

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં છેલ્લી ઘડીએ નવી કચેરી માટે ફર્નિચર માટેની એજન્સીને નિયત કરવાની કમિશનરની દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી. મનપાની નવી કચેરીમાં ફર્નિચર સહિતની સુવિધા માટે ટેન્ડરીંગ થઈ ગયુ હતુ અને તે કામગીરી ઝડપથી હાથ પર લઈ શકાય તે માટે આજે જ આ નિર્ણય લેવાઈ ગયો છે. સ્થાયી સમિતિએ આપેલી મંજૂરી પછી હવે આગામી સપ્તાહથી મનપાની નવી કચેરીમાં ફર્નિચર સહિતની સુવિધાઓની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલે છે.

# જિલ્લામાં પંચાયતના જંગમાં વધુ ૯૪૪ ઉમેદવારીપત્રો ભરાયા

### ગાંધીનગર-દહેગામમાં વધુ ઉમેદવારીપત્રો ભરાયા : પાર્કિંગની સમસ્યા અને ભીડમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ ભુલાયુ






ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં પંચાયતોની ચૂંટણી બહુકોણીય લડાશે તેવા સંકેતો મળી રહ્યા છે. ફોર્મ ભરવાની મુદતને પૂર્ણ થવામાં હજુ બે દિવસ બાકી છે પણ આજે વધુ ૯૪૪ ફોર્મ ભરાયા છે.

મળતી વિગતો પ્રમાણે સરપંચ પદ માટે આજે ૨૬૯ ફોર્મ અને વોર્ડના સભ્યપદ માટે ૬૭૫ ફોર્મ ભરાયા છે. પંચાયતોની આ ચૂંટણીમાં સભ્યપદ માટે આજ સુધીમાં ૮૯૭ ફોર્મ અને સરપંચ પદ માટે ૪૧૯થી વધુ ફોર્મ ભરાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતની ચૂંટણીનો રંગ હવે ગતિ પકડી રહ્યો છે. ઉમેદવારીપત્ર ભરવા માટેના ધસારાને કારણે આજે સે. ૧૧માં પાર્કિંગ માટેની જગ્યા પણ ઉપલબ્ધ રહી ન હતી. ઉમેદવારો અને ટેકેદારોના હોટલો અને અન્ય સ્થાનો પર ભોજન સમારંભોનું પણ આયોજન થઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સરપંચ પદ માટે આજે ગાંધીનગર તાલુકામાં ૯૭ અને સભ્યપદ માટે ૨૬૨ મળી કુલ ૩૫૯ ફોર્મ ભરાયા હતા. દહેગામ તાલુકામાં સરપંચ પદ માટે ૧૨૫ અને સભ્ય પદ માટે ૩૦૨ મળી કુલ ૪૨૭ ફોર્મ ભરાયા હતા.

કલોલ તાલુકામાં સરપંચ પદ માટે ૧૪ અને સભ્યપદ માટે ૪૦ ફોર્મ ભરાયા હતા. જ્યારે માણસા તાલુકામાં સરપંચ પદ માટે ૩૩ અને સભ્યપદ માટે ૭૧ મળી કુલ ૧૩૪ ફોર્મ ભરાયા હતા.

સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવાની તંત્રની સૂચના પછી પણ તેનો ભંગ થતો હોવાના દશ્યો જોવા મળ્યા હતા. ઉમેદવારી નોંધાવવા માટે જરૂરી પ્રમાણપત્રો મેળવવા માટે ઈચ્છુકોની દોડધામ પણ વધી રહી છે.

૪થી ડિસેમ્બર એ ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે. ૧૯મી ડિસેમ્બરે આ ચૂંટણીનું મતદાન યોજાવાનું છે.

### સિમેન્ટ અને સ્ટીલના ભાવ વધારાથી

## ગુડા વિસ્તારમાં પાણીની લાઈનનુ કામ વિલંબમાં પડયુ

### કોન્ટ્રાકટરો જૂના ભાવ મુજબ કામ કરવા તૈયાર નથી : ગુડા આખરે ત્રીજીવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી પ્રયાસ કરશે

ગાંધીનગર તા ૨

ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે આયોજન કરાયુ છે. ગુડાના કોબા કુડાસણ વિસ્તારમાં વસતી અને વિકાસને ધ્યાને લઈ આ કામગીરી ઝડપથી થાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. જયારે સ્ટીલ અને સિમેન્ટના વધતા ભાવના લીધે ગુડાએ અગાઉ હાથ ધરેલી ટેન્ડર પ્રક્રીયાના અંતે કોન્ટ્રાકટરો કામ કરવા તૈયાર નથી ત્યારે પાઈપલાઈનનુ કામ પણ વિલંબમાં પડયુ છે. આ સ્થિતિને અનુલક્ષી હવે ગુડા ત્રીજીવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામ નિપટાવાના પ્રયાસમાં છે પરંતુ ભાવ વધારાના લીધે કોન્ટ્રાકટરોને પણ કામ કરવુ પોષાય તેમ ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બનતો જાય છે.

સિમેન્ટ અને સ્ટીલના ભાવમાં તોતિંગ ભાવવધારો થતા સરકારી કામો પર વિપરિત અસર થઈ છે. જેના લીધે સરકારી યોજનાઓ અન્વયે હાથ ધરાતી પાણીની લાઈન નાંખવાની તેમજ માર્ગ સુધારણાની કામગીરી પણ પ્રભાવિત થઈ છે. ગુડા વિસ્તારમાં પણ કોબા કુડાસણમાં નર્મદાનુ પાણી ઘરે ઘરે પહોંચાડવા માટે તેમજ વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તૈયાર કરવા માટે ખર્ચના અંદાજ સાથે કામ કરવાનુ આયોજન કરાયુ હતુ પરંતુ હાલ આ મુજબ કોન્ટ્રાકટરોને ભાવ પોષાય તેવા ન હોવાથી આખી યોજનાનુ કામ ગોથે ચઢયુ છે. કોન્ટ્રાકટરોને ભાવ પોષાતા નથી જેથી કામ કરવા તૈયાર નથી. નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે ૭૩૯ હેકટર વિસ્તારમાં રહેવાસીઓ વાટે છે. એક સાથે પાંચ ટી પી વિસ્તારમાં પાણીની આ યોજના અન્વયે ભાવ વધારા પુર્વે જ ગુડાના તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવાનુ આયોજન કરાયુ હતુ.

સરકારની માર્ગદર્શિકા મુજબ નિયત કરાયેલા ભાવ મુજબ હવે કોન્ટ્રાકટરો માટે આ કામ કરવાનુ શકય ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે હવે આ સ્થિતિને ધ્યાનમાં રાખી ગુડાએ નવેસરથી કામગીરી હાથ ધરવાની પ્રક્રીયા હાથ ધરવાની ફરજ પડી છે. એકબાજુ કોબા કુડાસણ વિસ્તારમાં વસતી અને વિકાસનુ પ્રમાણ વધતુ જાય છે ત્યારે નર્મદાનુ પાણી સપ્લાય થાય તેની પણ વાટ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પદે જગદીશ ઠાકોર અને વિપક્ષ નેતા પદે સુખરામ રાઠવા નિશ્ચિત

### કોંગ્રેસે વિધાનસભાની આગામી ચૂંટણીઓ માટેના નવા જ સમીકરણો ઉભા કર્યા છે

અમદાવાદ, તા.૨

ગુજરાત કોંગ્રેસના સુકાનીઓ નક્કી કરવા માટે દિલ્લીમાં બેઠકનો ધમધમાટનો અંત આવ્યો છે. ગુજરાત કોંગ્રેસને લઈને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કોંગ્રેસ હાઈકમાન્ડ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ અને વિપક્ષના નેતાના નામની જાહેરાત કરી છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પદે જગદીશ ઠાકોરના નામ પર મહોર મારવામાં આવી છે, જ્યારે વિપક્ષ નેતા પદે સુખરામ રાઠવાની પસંદગી કરાઈ છે. બીજી બાજુ નામ નક્કી થાય એ પૂર્વે જગદીશ ઠાકોર દિલ્લી પહોંચ્યા હોવાની માહિતી મળી રહી છે.

તમને જણાવી દઈએ કે, ગુજરાત કોંગ્રેસમાં પ્રમુખ પદ અને વિરોધ પક્ષના નેતા માટે લાંબા સમયથી અંદરોઅંદર નેતાઓ વચ્ચે ખેચતાણ ચાલી રહી હતી. જેમા ભરતસિંહ સોલંકી અને હાર્દિક પટેલ સહિતના નેતાઓ પ્રમુખ બનવા માટે લોબિંગ કરી રહ્યા હતા. ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખના મામલે પ્રભારી રઘુ શર્માથી માંડીને રાહુલ ગાંધી સુધી બેઠકો ચાલી હતી. પરંતુ અંતે જૂથવાદને બાજુએ મુકી કોંગ્રેસે જગદીશ ઠાકોરને પ્રમુખ બનાવીને વિધાનસભાની આગામી ચૂંટણીઓ માટેના નવા જ સમીકરણો ઉભા કર્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com